ક્રમાંક :- મકવ/મ.૪/સેવાપોથી /૨૦૨૨/૬૫૦૫૭-૯૦૨

કમિશનર શાળાઓની કચેરી

બ્લોક નં- ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન

ગુ.રા, ગાંધીનગર

તા. ૧૯/ ૧૨ / ૨૦૨૨

વંચાણે લીધા:

નાણાં વિભાગના તા.૨૪/૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી(પેન્શન સેલ)

પરિપત્ર :

ભારત સરકારના ધોરણે રાજ્ય સરકાર દ્વારા નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત અશકતતા અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં અશકતતા/કુંટુબ પેન્શન મુજબના લાભો આપવા બાબતે નાણાં વિભાગના ઉકત ઠરાવની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ તા.૦૧/૦૪/૨૦૦૫ કે, ત્યારબાદ નિયમિત નિમણૂક પામેલ રાજય સરકારના અધિકારી/કર્મચારીઓ કે જેઓના કાયમી પેન્શન ખાતા નંબર (PPAN) નિયામક,પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર(નોડલ ઓફિસ)દ્વારા ફાળવવામાં આવે છે. તેઓને આ ઠરાવનો લાભ મળવાપાત્ર થતો હોઇ, ઠરાવની પ્રસિધ્ધ થયાની તારીખ(તા.૨૪/૯/૨૦૨૨)થી ઠરાવ સાથેના સામેલ ફોર્મ- A મુજબ ત્રણ માસમાં વિકલ્પ આપવાનો રહેતો હોઇ, જેની સેવાપોથીમાં નોંધ લેવાની થતી હોય તેમજ સંબધિત અધિકારી /કર્મચારીઓએ વિકલ્પની સાથે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો,૨૦૦૨ના નિયમ-૮૯ હેઠળ નિયત થયેલ ફોર્મ-૧૩માં કુંટુબ અંગેની વિગતો તેઓની કચેરીના વડાને નિયત સમય મર્યાદામાં પૂરી પાડવાની રહેશે. જેની દરેકે નોંધ લેવી.

નાયબ શિક્ષણ નિયામક
(મહેકમ)
ગુ.રા.ગાંધીનગર

બિડાણ :- ઉપર મુજબ

પ્રતિ ,

- તમામ શાખા અધિકારીશ્રી, સદર કચેરી
- જિલ્લા શિક્ષણધિકારીશ્રી, તમામ , ગુ.રા
  ( તાબા હેઠળની તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા/ સરકારી R.M.S.A શાળા / સરકારી મોડેલ સ્કુલના અધિકારીઓના ધ્યાને મુકવા સારૂ: )
- હુકમ ફાઇલે

નકલ સવિનય રવાના જાણ સારૂ:-,

- માનનીય નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી